# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-09-2024** **Midday : 1.20 to 1.30**
**Day : Sunday** **National News**

આકાશવાણી સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

****************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાંચીથી 6 વંદે ભારત ટ્રેનને વર્ચ્યૂઅલી લીલીઝંડી આપી
- પ્રધાનમંત્રી આજે સાંજથી ગુજરાત પ્રવાસે, આવતીકાલે અમદાવાદ – ગાંધીનગર મેટ્રો ટ્રેનના બીજા તબક્કાના ઉદઘાટન સહિતના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.
- દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે બે દિવસ બાદ મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું આપવાની જાહેરાત કરી છે.
- ઉત્તરપ્રદેશના મેરઠમાં ત્રણ માળની ઇમારાત ધરાશાયી થતા 10 લોકોના મૃત્યુ
- મધ્યપ્રદેશ, બિહાર અને ઓડિશામાં ભારેથી અતિભારે વરસાદની આગાહી
- અને કેરળ સહિત દેશભરમાં મલિયાલી લોકો ઓણમની ઉજવણી કરી રહ્યા છે.

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PM-VANDE BHARAT TRAIN EARLY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ટાટાનગર– પટણા સહિતની છ વંદે ભારત ટ્રેનોને વર્ચ્યૂઅલી લીલી ઝંડી આપી. પ્રધાનમંત્રી મોદી આજે સવારે રાંચી વિમાન મથકે પહોંચ્યા હતા, અને ત્યાંથી જમશેદપુર જવાના હતા. જોકે ખરાબ હવામાનને કારણે તેઓ આગળ જઈ શક્યા ન હોઈ ટ્રેનોનું વર્ચ્યૂઅલ ઉદ્ઘાટન કર્યું હતું.

આ પ્રસંગે સંબોધન કરતા પ્રધાનમંત્રીએ વંદે ભારત ટ્રેનસાથે જોડાયેલા તમામ લોકોને શુભેચ્છા પાઠવી. શ્રી મોદીએ કહ્યું કે એક સમય હતો જ્યારે આધુનિક વિકાસ અને સુવિધાઓ માત્ર કેટલાક શહેરો પૂરતા સીમિત હતા. ઝારખંડ જેવા રાજ્યો આધુનિક સુવિધાઓથી વંચિત રહ્યા.

જોકે સૌનો સાથ સૌનો વિકાસના મંત્રએ દેશની માનસિકતા અને પ્રાથમિકતાઓને બદલી છે. વધુમાં તેમણે કહ્યું કે હવે દેશની પ્રાથમિકતા ગરીબ, આદિવાસી સમુદાય, દલિત, વંચિત અને સમાજનો પછાત વર્ગ છે. હવે દેશની પ્રાથમિકતામાં મહિલાઓ, યુવાનો અને ખેડૂતો સામેલ છે.

## PM GUJARAT VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી ગુજરાતની મુલાકાતે આવશે. બપોર બાદ તેઓ  અમદાવાદ પહોંચશે. તેઓ અમદાવાદ એરપોર્ટ પરથી ગાંધીનગર ખાતે રાજભવન જશે. પ્રધાનમંત્રી 16 તારીખે  સવારે પોણા દસ વાગ્યે ગાંધીનગરમાં પ્રધાનમંત્રી સૂર્યા ઘર મુફ્ત વીજળી યોજનાનાં લાભાર્થીઓ સાથે

વાતચીત કરશે. ત્યારબાદ સવારે સાડા દસ વાગ્યે તેઓ, ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે ચોથી ગ્લોબલ રિન્યુએબલ એનર્જી ઇન્વેસ્ટર્સ મીટ એન્ડ એક્સ્પો ,રિ-ઇન્વેસ્ટનું ઉદઘાટન કરશે.

પ્રધાનમંત્રી બપોરે 1 વાગીને 45 મિનિટે અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટનું ઉદઘાટન કરશે અને સેક્શન 1 મેટ્રો સ્ટેશનથી ગિફ્ટ સિટી મેટ્રો સ્ટેશન સુધી મેટ્રોની સવારી કરશે. બપોરે લગભગ સાડા ત્રણ વાગ્યે અમદાવાદમાં તેઓ 8,000 કરોડ રૂપિયાથી વધુની કિંમતની વિવિધ વિકાસ પરિયોજનાઓનું ઉદઘાટન અને શિલાન્યાસ કરશે. પ્રધાનમંત્રી ગાંધીનગર સ્થિત રાજભવન ખાતે રાત્રી રોકાણ કરીને 17 તારીખે સવારે ઓડિશા જવા રવાના થશે.

# KEJRIWAL---RESIGNATION

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે બે દિવસ બાદ મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું આપવાની જાહેરાત કરી છે. નવા મુખ્યમંત્રી નક્કી કરવા માટે આગામી બે દિવસમાં આમ આદમી પાર્ટીના ધારાસભ્યોની બેઠક યોજાશે એમ શ્રી કેજરીવાલે જણાવ્યું છે. તેઓએ આવતા વર્ષે ફેબ્રુઆરીમાં દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણીને આ વર્ષે નવેમ્બરમાં મહારાષ્ટ્રની ચૂંટણીની સાથે યોજવાની માંગ કરી છે . રાષ્ટ્રીય રાજધાનીમાં પાર્ટી કાર્યાલય ખાતે પાર્ટી કાર્યકર્તાઓને સંબોધતા શ્રી કેજરીવાલે ઉમેર્યું હતું કે જ્યાં સુધી લોકો તેમનો ચુકાદો નહીં આપે ત્યાં સુધી તેઓ મુખ્યમંત્રીની ખુરશી પર બેસશે નહીં.

## VP NAGPURVISIT

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આજે મહારાષ્ટ્ર પ્રવાસ દરમિયાન નાગપુરની રામદેવ બાબા યુનિવર્સિટી ખાતે ડિજિટલ ટાવરનું લોકાર્પણ કરશે. આ ડિજિટલ ટાવર એ 12 માળની ઇમારત છે, જેમાં કમ્પ્યુટર વિજ્ઞાન અને નવી ટેક્નૉલોજીની જરૂરિયાતને પૂરી કરતી નવીનતમ પ્રણાલીથી સજ્જ ડિજિટલ વર્ગ ખંડો છે.  આ પ્રસંગે રાજ્યપાલ સી. પી.રાધાક્રિષ્નન, મુખ્યમંત્રી એકનાથ શિંદે, નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ ઉપસ્થિત રહેશે.

## MERATH INCIDENT

ઉત્તરપ્રદેશના મેરઠ જિલ્લામાં ઇમારત ધરાશાયી થવાની ઘટનામાં અત્યાર સુધીમાં 10 લોકોએ જીવ ગુમાવ્યા છે. શહેરના ઝાકિર કૉલોની વિસ્તારમાં ગઈકાલે રાત્રે ત્રણમાળની ઇમારત ધરાશાયી થઈ હતી. આ ઘટનામાં ઇમારતના કાટમાળને આજે સવારે હટાવી દેતાં રાહતઅને બચાવ પૂર્ણ થયું છે. બચાવકાર્ય કરનારા કર્મચારીઓએ પાંચ લોકોને સલામત રીતે બહાર કાઢી લીધા છે.

મેરઠના જિલ્લા મેજિસ્ટ્રેટ દીપક મીણાએ કહ્યું, આ ઘટના વખતે ઇમારતમાં 15 લોકો હાજર હતા. રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ NDRF અને રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ SDRFની ટુકડીએ આખી રાત કાટમાળ હટાવવાની કામગીરી કરી હતી.

## **MID BREAK- NEWS- NATIONAL**

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

## PM-ENGINEERS-DAY.RTF

ભારતના મહાન ઇજનેર સર એમ. વિશ્વેશ્વરૈયાની જન્મજયંતિ નિમિત્તે દર વર્ષે આજના દિવસને ઇજનેર દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશના તમામ ઇજનેર અને નાગરિકોને આ દિવસની શુભેચ્છાઓ પાઠવી છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, પ્રધાનમંત્રીએ વિવિધ ક્ષેત્રમાં પ્રગતિ, નવીનતા અને નિર્ણાયક પડકારોને પહોંચી વળવામાં ઇજનેરોના નોંધપાત્ર યોગદાનને બિરદાવ્યું હતું. શ્રીમોદીએ કહ્યું કે, ઇજનેરી ક્ષેત્રમાં સર એમ. વિશ્વેશ્વરાયનું યોગદાન આપણને સતત પ્રેરણા આપે છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ઇજનેર દિવસની શુભેચ્છા પાઠવી છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી શાહે જણાવ્યું હતું કે, ઇજનેરો દેશના વિકાસ અને નવીનતાની કરોડરજ્જુ છે.તેમણે સ્વપ્નદ્રષ્ટા ઇજનેર ભારત રત્ન,સર એમ વિશ્વેશ્વરાયને પણ શ્રદ્ધાંજલિ આપી.

## IMD-RAINFALL.RTF

હવામાન વિભાગએ આજે છત્તીસગઢ અને ઝારખંડના કેટલાક વિસ્તારો અને પૂર્વ મધ્યપ્રદેશ માટે અતિ ભારે વરસાદને લઈને રેડ એલર્ટ જાહેર કર્યું છે. બિહાર અને ઓડિશામાં પણ આજે ભારે વરસાદની સંભાવના છે.

આ ઉપરાંત, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરાના ભાગોમાં ભારે વરસાદની શક્યતા છે. ગંગા પશ્ચિમ બંગાળના ગંગા કિનારાના પર હવાનું હળવું દબાણ પશ્ચિમ તરફ આગળવધે તેવી શક્યતા છે. માછીમારોને ઉત્તર બંગાળની ખાડીમાં અને પશ્ચિમ બંગાળ તથા ઓડિશાના દરિયાકાંઠે આવતીકાલ સવાર સુધી માછીમારી માટે નહીં જવાની ચેતવણી આપી છે.

# NAXAL ARREST

ઝારખંડ પોલીસને એક લાખ રૂપિયાના ઈનામી નક્સલવાદી લક્ષ્મણ રાયને પકડવામાં સફળતા મળી છે. ગિરીડીહ જિલ્લા પોલીસ વડા વિમલ કુમારને નક્સલવાદી અંગે માહિતી મળી હતી. તેના આધારે ડુમરી S.D.P.O. સુમિત પ્રસાદના નેતૃત્વમાં પોલીસે નક્સલવાદી લક્ષ્મણ રાયની તેના ગામ લેઢવાટાંડથી ધરપકડ કરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, આ નક્સલવાદી 10 લાખના ઈનામી નક્સલવાદી રામદયાલ મહતોનો અંગત વ્યક્તિ હતો. રામદયાલ મહતો કૉન્ટ્રાક્ટરો પાસેથી પૈસા ઉઘરાણી સહિત નક્સલવાદી સંગઠનની ટુકડી પાસે રોકડ અથવા હથિયારોના પૂરવઠા માટે લક્ષ્મણ રાય પર જ વિશ્વાસ કરતો હતો. હાલમાં પોલીસ નક્સલવાદી લક્ષ્મણ રાયની પૂછપરછ કરી રહી છે.

# ONAM – GREETING

કેરળમાં આજે ઓણમની ઉલ્લાસભેર ઉજવણી કરાઈ રહી છે. રાષ્ટ્રપતિ, ઉપ રાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ દેશવાસીઓને ઓણમની શુભેચ્છા પાઠવી છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ એક શુભેચ્છા સંદેશમાં કહ્યું છે કે ઓણમ એ કેરળના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા અને પરંપરાની ઉજવણીનો પ્રસંગ છે. વધુમાં તેમણે લખ્યું છે કે આ તહેવાર પાકની લણણીને ચિહ્નિત કરે છે, સાથે જ સમૃદ્ધિનો આ તહેવાર સામાજિક સમરસતાને પ્રોત્સાહન આપવા માટે પણ પ્રોત્સાહિત કરે છે.

ઉપ-રાષ્ટ્રપતિ જગદીપ ધનખડે એક શુભેચ્છા સંદેશમાં લખ્યું છે કે ઓણમ ઉત્સવ સમુદાયોને પ્રેમભરી પરંપરાઓ દ્વારા જોડે છે, અને તે કરુણા તેમજ બલિદાનના કાયમી મૂલ્યોની યાદ અપાવે છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ ઓણમ પ્રસંગે શુભેચ્છાઓ પાઠવી છે. શ્રી મોદીએ કહ્યું છે કે આ તહેવાર કેરળની ભવ્ય સંસ્કૃતિની ઉજવણી કરે છે અને સમગ્ર વિશ્વમાં મલયાલી સમુદાય દ્વારા તેને ઉત્સાહપૂર્વક ચિહ્નિત કરવામાં આવે છે.